અપીલ અરજી નં.૪૫૩ તા.૨૬–૩–૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૪–૨–૧૦ ની અરજીથી સંબંધિત વિભાગમાં વિગતવાર તા.૨૪–૧૨–૦૯ ના રોજ અરજી કરવામાં આવેલ આ અરજી બાબત ખાતાકીય શું શું કાર્યવાહી કરવામાં આવી તેમજ સ્થળપર શું શું તપાસ કરાવવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. તે તમામ રીપોર્ટની નકલ ફાળવવી તેમજ માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૩/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૪–૨–૧૦ ની અરજીથી સંબંધિત વિભાગમાં વિગતવાર તા.૨૪–૧૨–૦૯ ના રોજ અરજી કરવામાં આવેલ આ અરજી બાબત ખાતાકીય શું શું કાર્યવાહી કરવામાં આવી તેમજ સ્થળ પર શું શું તપાસ કરાવવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. તે તમામ રીપોર્ટની નકલ ફાળવવી તેમજ માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૦૮ તા.૩–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૬ તા.૧૭–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીની નકલ તથા તા.૨૪–૧૨–૦૯ ની અરજીની નકલ, અરજદારને તા.૧–૯–૦૯ ના રોજ પાઠવેલ જવાબ સે.ઝોન/આરોગ્ય/સેની/ આ.નં. ૧૯૨ તા.૧૭–૯–૦૯ ના પત્રની નકલ, અરજદારને આરટીઆઈ હેઠળની અરજી અંગે નં..સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮ તા.૧–૪–૧૦ થી પાઠવેલ પત્રની નકલ તથા નોંધ વિભાગ અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૦ ની અરજીથી અરજદારે તા.૨૪–૧૨–૦૯ ના રોજ કરેલી અરજી બાબતે ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ વિગતે માહિતી માંગવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૬–૩–૧૦ ના રોજ સમય મર્યાદામાં માહિતી મળેલ નથી. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " રાજમાર્ગ દિલ્હીગેટથી મસ્કતિ હોસ્પિટલ સુધીના માર્ગ પર જાહેર મુતરડીની વ્યવસ્થા ન હોવાને કારણે લોકો જાહેરમાં પેશાબ કરી ગંદકી કરતાં હોય જાહેર મુતરડીની વ્યવસ્થા કરવા બાબતની તમારા તરફથી તા.૧–૯–૦૯ ના રોજ અરજી કરવામાં આવેલ જેનો જવાબ આપશ્રીને કચેરીના પત્ર નં.૧૯૨ તા.૧૭–૯–૦૯ થી આપવામાં આવેલ. તે જ અરજીનો ઉલ્લેખ તા.૨૪–૧૨–૦૯ ની અરજીમાં છે. વધુમાં ખાતાકીય રીતે રાજમાર્ગ પર તપાસ કરતાં જાહેર મુતરડી બનાવી શકાય તેવી કોઈ જગ્યા ઉપલબ્ધ ન હોવાથી સુવિધા ઉપલબ્ધ કરી શકાતી નથી. " તેવી માહિતી અરજદારને દિન–૭ ના વિલંબથી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અત્રે મોકલેલ તા.૧૭–૯–૦૯ ના પત્રની વિગત જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વૈકલ્પિક સમયે મુતરડી રીપેરીંગ કાર્યવાહી અંગે કરેલ પ્રયત્નો તથા સ્થાનીક રહીશોને વિરોધ વિગેરે હકીકત પણ અરજદારને પત્રમાં જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી હકીકત લક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,